# ભારતીય જનતા પાર્ટી

"પંડિત દીનદયાળ ભવન", ભારતીય જનતા પાર્ટી કાર્યાલય, સત્યનગરની સામે,
ઉધના–નવસારી મેઈન રોડ, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

---

પ્રતિ, તા. ૨૩/૦૨/૨૦૧૭

તંત્રીશ્રી,

..................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

- **ચૂંટણીના આ પરીણામો આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં પ્રજાએ ફરી એક વખત મુકેલો વિશ્વાસ વ્યક્ત કરે છે : શ્રી ભરતસિંહજી પરમાર**
- **કોંગ્રેસ મુક્ત ભારત તરફ વધુ એક કદમ : સુરત શહેર ભાજપ અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા**
- **મહારાષ્ટ્રની સ્થાનિક ચૂંટણીમાં ભગવો ઝંડો લહેરાતા સુરત શહેર ભાજપ કાર્યાલય ખાતે વિજયોત્સવ મનાવાયો.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

સમગ્ર મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટીનું સ્ટીમ રોલર ફરી વળતા સ્થાનિક ચૂંટણીમાં ભાજપનો ભગવો ઝંડો લહેરાયો છે. ખાસ કરીને નોટબંધી પછી આવેલા આ પરીણામો આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્ણયમાં પ્રજાએ આપેલો હકારાત્મક પ્રતિભાવ છે. તેમ ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમારે જણાવ્યું હતું.

મહારાષ્ટ્રમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૧૦ મહાનગરપાલિકામાંથી ૮ મહાનગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીના મેયર બનવા જઈ રહ્યા છે. ગત ચૂંટણીમાં બૃહદ

# ભારતીય જનતા પાર્ટી

"પંડિત દીનદયાળ ભવન", ભારતીય જનતા પાર્ટી કાર્યાલય, સત્યનગરની સામે,
ઉધના–નવસારી મેઈન રોડ, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

---

મુંબઈ કોર્પોરેશનમાં ભારતીય જનતા પાર્ટીને માત્ર ૩૧ સીટ જ મળી હતી. જેની સામે આ વખતે ભારતીય જનતા પાર્ટીને ૮૧ જેટલી સીટો મળી છે. આમ મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટીને મળેલા પ્રચંડ જનસમર્થનને આવકારવા માટે ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા આજ રોજ સાંજે ૬:૦૦ કલાકે "પંડિત દીનદયાળ ભવન", ભારતીય જનતા પાર્ટી કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત ખાતે ફટાકડા ફોડવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ઢોલ–નગારાના તાલે કાર્યકર્તાઓ તથા નગરજનો ઝુમી ઉઠયા હતા અને એક–બીજાનું મોઢું મીઠું કરાવી અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમારે જણાવ્યું હતું કે, નોટબંધી પછી કોંગ્રેસને એમ લાગતું હતું કે હવે ભાજપના વળતા પાણી છે. કારણ કે નોટબંધીના કારણે પ્રજાને પડેલી થોડી ઘણી મુશ્કેલીઓને કોંગ્રેસે યેન–કેન પ્રકારે સત્તા હાંસલ કરવાનું સાધન બનાવાની બાલિશ કોશિશ કરી હતી. પરંતુ આ દેશની શાણી પ્રજા જાણતી હતી કે નોટબંધી એ ભ્રષ્ટાચારીઓ અને આતંકવાદીઓ સામેનું હથિયાર છે. નોટબંધી પછી લોકો નોટ બદલવા માટે નહિં પરંતુ દેશ બદલવા માટે લાઈનમાં ઉભા રહ્યા હતા. તે નોટબંધી પછીના આવેલા પરીણામો પરથી જાણી શકાય છે. એ પરીણામો ચાહે ગુજરાતની સ્થાનિક ચૂંટણીના હોય કે પછી મહારાષ્ટ્રની સ્થાનિક ચૂંટણીના હોય. આ ઉપરાંત દેશના જુદા–જુદા રાજ્યોમાં યોજાયેલી પેટા ચૂંટણીઓના પરીણામો પણ ભાજપ તરફી જ આવ્યા હતા. આમ આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નોટબંધીના હિંમતભર્યા નિર્ણયને દેશની પ્રજાએ ચોમેર જનસમર્થન આપ્યું છે. તેનો વધુ આ એક પૂરાવો છે.

આ પ્રસંગે ભાજપ–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ જણાવ્યું હતું કે, આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને માન. રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહના નેતૃત્ત્વમાં ભારતીય જનતા પાર્ટીનું સ્ટીમ રોલર સમગ્ર દેશમાં ફરી રહ્યું છે. જેના કારણે આ દેશ ઝડપથી કોંગ્રેસ મુક્ત થવા જઈ રહ્યું છે. મહારાષ્ટ્રની ભાજપ સરકાર વિકાસને વરેલી છે. તેનું પણ પ્રતિબિંબ આ ચૂંટણીના પરીણામોમાં દેખાઈ રહ્યું છે. ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર વિજયોત્સવ માનવીને આ વિજયને આવકારે છે.

આ વિજયોત્સવમાં ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમાર, ભાજપ–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, સુરત શહેરના મહામંત્રીશ્રીઓ, સુરત શહેરના હોદ્દેદારશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ ના પ્રમુખશ્રીઓ/મહામંત્રીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.